सत्यं शिवं सुन्दरम्

A Synopsis

of The Thesis to be Submitted for

**Ph. D. Degree in Gujarati**

at The Maharaja Sayajirao University of Baroda, Vadodara

ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા

ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ થનાર શોધનિબંધની રૂપરેખા

**Research Topic for Ph. D.**

"Dreamreality in Postindipandances Gujarati novels – A Critical study."

"સ્વાતંત્ર્યોતર ગુજરાતી નવલકથામાં સ્વપ્નવાસ્તવ: એક અભ્યાસ'"

**પ્રસ્તુતકર્તા**

રાણા જિજ્ઞાબા અજીતસિંહ

Rana Jignaba Ajitsinh

**માર્ગદર્શકશ્રી**

ડૉ. ભરત પંડ્યા

Dr. Bharat Pandya

Department of Gujarati

Faculty of Arts

The Maharaja Sayajirao Unniversity of Baroda

vadodara

May - 2019

# શોધનિબંધની રૂપરેખા

મારા શોધનિબંધનો વિષય છે : 'સ્વાતંત્ર્યોતર ગુજરાતી નવલકથામાં સ્વપ્નવાસ્તવઃ એક અભ્યાસ' પ્રસ્તુત શોધનિબંધને મખ્ય દસ પ્રકરણમાં  વિભાજીત કરેલ છે.

પ્રકરણ ૧. સ્વપ્નવાસ્તવ સંજ્ઞા અને સિદ્ધાંત ચર્ચા

પ્રકરણ ૨. સ્વતંત્રતા પહેલાની ગુજરાતી નવલકથામાં સ્વપ્નવાસ્તવ

પ્રકરણ ૩. પેરેલિસિસઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પ્રકરણ ૪. મહાભિનિષ્ક્રમણઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પ્રકરણ ૫. સ્વપ્નતીર્થઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પ્રકરણ ૬. નિશાચક્રઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પ્રકરણ ૭. મોહનિશાઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પ્રકરણ ૮. રિક્તરાગઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પ્રકરણ ૯. સૂરા, સૂરા, સૂરાઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પ્રકરણ ૧૦. તારણો

• .

આ પ્રકરણોમાં આવતા મુદ્દાઓને સુનિયોજીત રીતે યોગ્ય ન્યાય આપવા વિવિધ પેટા વિભાગમાં વિભાજીત કર્યા છે.

પ્રકરણ ૧. સ્વપ્નવાસ્તવ સંજ્ઞા અને સિદ્ધાંત ચર્ચા

- ૧.૧ વાસ્તવ સંજ્ઞા અને વિભાવના
- ૧.૨ વાસ્તવના પ્રકારો
  - ૧.૨.૧ ભૌતિક વાસ્તવ
  - ૧.૨.૨ સામાજિક વાસ્તવ
  - ૧.૨.૩ મનોવૈજ્ઞાનિક વાસ્તવ
    - ૧.૨.૩.૧ ચેતનાના સ્તર
    - ૧.૨.૩.૨ ચેતનાના વિભાગ
    - ૧.૨.૩.૩ દમન અને તેનું પરિણામ
    - ૧.૨.૩.૪ વિવિધ સ્તરે પ્રગટતું માનવ વ્યક્તિત્વ

૧.૩ સ્વપ્નઃ સંજ્ઞા અને વિભાવના

૧.૩.૧ સ્વપ્ન પ્રક્રિયા

૧.૩.૨ સ્વપ્નના લક્ષણો

૧.૩.૩ સ્વપ્નનું કારણ

૧.૩.૪ સ્વપ્નના પ્રકારો

૧.૩.૫ સ્વપ્નમાં પ્રતીકો

૧.૩.૬ સ્વપ્ન વિશ્લેષણ પદ્ધતિઓ

૧.૪ સ્વપ્ન સંદર્ભે વિવિધ મનોવૈજ્ઞાનિકોના મત

૧.૫ સ્વપ્ન વિશેની માન્યતાઓ

૧.૬ વિવિધ વિદ્યામાં સ્વપ્ન

૧.૭ સાહિત્યમાં સ્વપ્નવાસ્તવ ટેક્નિક

૧.૭.૧ ટેક્નિક એટ્લે શું ?

૧.૭.૨ ટેક્નિકના પ્રકારો

૧.૭.૩ સ્વપ્નવાસ્તવ અને અન્ય ટેક્નિકનો તાત્વિક ભેદ

૧.૮ સાહિત્યના વિવિધ સ્વરૂપમાં સ્વપ્નવાસ્તવ

૧.૮.૧ નવલકથામાં સ્વપ્નવાસ્તવ

૧.૮.૧.૧ સ્વપ્નવાસ્તવ તથા વસ્તુસંકલના

૧.૮.૧.૨ સ્વપ્નવાસ્તવ તથા ચરિત્ર

૧.૮.૧.૩ સ્વપ્નવાસ્તવ તથા ભાષા

૧.૮.૧.૪ સ્વપ્નવાસ્તવ તથા પરિવેશ

પ્રકરણ ૨. સ્વતંત્રતા પહેલાની ગુજરાતી નવલકથામાં સ્વપ્નવાસ્તવ

૨.૧ સરસ્વતીચંદ્રઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

૨.૧.૧ સર્જક પરિચય

૨.૧.૨ કથાવસ્તુ

૨.૧.૩ સ્વપ્ન વિશ્લેષણ

૨.૧.૪ તારણો

૨.૨ સાચાં સમણાંઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

૨.૨.૧ સર્જક પરિચય

૨.૨.૨ કથાવસ્તુ

૨.૨.૩ સ્વપ્ન વિશ્લેષણ

૨.૨.૪ તારણો

પ્રકરણ ૩. પેરેલિસિસઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

૩.૧ સર્જક પરિચય

૩.૨ કથાવસ્તુ

૩.૩ સ્વપ્ન વિશ્લેષણ

૩.૪ તારણો

પ્રકરણ ૪. મહાભિનિષ્ક્રમણઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

૪.૧ સર્જક પરિચય

૪.૨ કથાવસ્તુ

૪.૩ સ્વપ્ન વિશ્લેષણ

૪.૪ તારણો

પ્રકરણ ૫. સ્વપ્નતીર્થઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

૫.૧ સર્જક પરિચય

૫.૨ કથાવસ્તુ

૫.૩ સ્વપ્ન વિશ્લેષણ

૫.૪ તારણો

પ્રકરણ ૬. નિશાચક્રઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

૬.૧ સર્જક પરિચય

૬.૨ કથાવસ્તુ

૬.૩ સ્વપ્ન વિશ્લેષણ

૬.૪ તારણો

પ્રકરણ ૭. મોહનિશાઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

૭.૧ સર્જક પરિચય

૭.૨ કથાવસ્તુ

૭.૩ સ્વપ્ન વિશ્લેષણ

૭.૪ તારણો

પ્રકરણ ૮. રિક્તરાગઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

૮.૧ સર્જક પરિચય

૮.૨ કથાવસ્તુ

૮.૩ સ્વપ્ન વિશ્લેષણ

૮.૪ તારણો

પ્રકરણ ૯. સૂરા, સૂરા, સૂરાઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

૯.૧ સર્જક પરિચય

૯.૨ કથાવસ્તુ

૯.૩ સ્વપ્ન વિશ્લેષણ

૯.૪ તારણો

પ્રકરણ ૧૦. ઉપસંહાર અને તારણો

પરિશિષ્ટ ૧ અભ્યાસ લેખ

પરિશિષ્ટ ૨ સંદર્ભગ્રંથ સૂચિ

પરિશિષ્ટ ૩ વ્યક્તિનામ સૂચિ

પરિશિષ્ટ ૪ કૃતિ સૂચિ

પ્રકરણ ૧. સ્વપ્નવાસ્તવઃ સંજ્ઞા અને સિદ્ધાંત ચર્ચા

- ૧ ૧.વાસ્તવ સંજ્ઞા અને વિભાવના

પ્રસ્તુત પ્રકરણમાં વાસ્તવ સંજ્ઞાની વિભાવના તથા બદલાતા પરિપ્રેક્ષમાં તેને સમજવાનો પ્રયત્ન કર્યો છે. આ માટે વિવિધ શબ્દકોશ અને વિવેચકોના અભિપ્રાયોનો વિગતે અભ્યાસ કરી વાસ્તવ સંજ્ઞાને સમજાવી છે.

- ૧ ૨.વાસ્તવના પ્રકારોઃ

આ પ્રકરણમાં વાસ્તવને તેની વિવિધ અર્થછાયાના આધારે મુખ્ય ત્રણ પ્રકારો વિશે વિગતે ચર્ચા કરી છે. આમ તો વાસ્તવના બે પ્રકારો કહી શકાયઃ એક આંતરિક વાસ્તવ અને બીજું બાહ્ય વાસ્તવ. જેને પ્રગટ અને અપ્રગટ વાસ્તવ પણ કહી શકાય.

- ૧ ૧.૨.ભૌતિક વાસ્તવઃ

સૃષ્ટિમાં અને વિજ્ઞાનમાં સૌથી મહત્વનું વાસ્તવ એટલે ભૌતિક વાસ્તવ. જેને પ્રત્યક્ષ વાસ્તવ કે બાહ્ય વાસ્તવ તરીકે ઓળખાવી શકાય. અહીં આ ભૌતિક વાસ્તવને સમજવા વિવિધ વ્યાખ્યાઓ અને વિવિચકોના મંતવ્યો તપાસ્યા છે. સાહિત્યમાં આ ભૌતિક વાસ્તવને રજૂ થતી પ્રયુક્તિઓના આધારે તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

- ૧ ૨.૨.સામાજિક વાસ્તવઃ

દરેક સમાજને એક આગવી ઓળખ હોય છે આ ઓળખ એટલે સામાજિક વાસ્તવ. તેના રિવાજો, માન્યતાઓ, સભ્યતા, સંસ્કૃતિ, ખાનપાન, પહેરવેશ આ તમામ બાબતોથી જે એક આગવી છબી ઉત્પન્ન થાય છે એ જ સામાજિક વાસ્તવ તરીકે ઓળખાય છે. સાહિત્યમાં આ સામાજિક વાસ્તવને રજૂ થતી પ્રયુક્તિઓના આધારે તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

- ૧ ૩.૨.મનોવૈજ્ઞાનિક વાસ્તવઃ

માનવનું મન અગાઢ અને અમાપ છે. આ મન સતત ગતિમાન હોય છે જેમાં અનેક વિચારો, અભિપ્રાયો, ઇચ્છાઓ, પ્રેરણાઓ આકાર લે છે અને આ આકારો જ મનોવૈજ્ઞાનિક વાસ્તવ તરીકે ઓળખાય છે. મનને સમજવા ચેતના અને ચેતનાના સ્તર (જાગ્રત, અર્ધજાગ્રત, અજાગ્રત), ચેતનાના વિભાગ (ઇડ, ઇગો, સુપર ઇગો)ને વિસ્તૃત સ્વરૂપે સમજાવાવવાનો પ્રયત્ન કર્યો છે. મનની વિવિધ ક્રિયાઓ જેવી કે દમન, કુંઠા અને તેનું પરિણામ સમજાવી વિવિધ સ્તરે પ્રગટતું માનવ વ્યક્તિત્વ સમજવાનો પ્રયત્ન કર્યો છે. સાહિત્યમાં આ મનોવૈજ્ઞાનિક વાસ્તવને રજૂ થતી પ્રયુક્તિઓના આધારે તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

- ૧ ૩.સ્વપ્નઃ સંજ્ઞા અને વિભાવના

માનવનું મન જે વિવિધ સ્તરે પ્રગટ થાય છે તેમાંની એક સ્થિતિ એટલે સ્વપ્ન. અહીં સ્વપ્ન સંજ્ઞાને સમજવા વિવિધ શબ્દકોશ અને વિદ્વાનોના મંતવ્યો તપાસી વિગતે ચર્ચા કરી સ્વપ્ન પ્રક્રિયાને સમજવા માટે સ્વપ્નના લક્ષણો, સ્વપ્નનું કારણ, સ્વપ્નના પ્રકારો, સ્વપ્નમાં પ્રતીકો, સ્વપ્ન વિશ્લેષણ પદ્ધતિઓ વિશે વિગતે ચર્ચા કરી છે.

* ૧.૪ સ્વપ્ન સંદર્ભે વિવિધ મનોવૈજ્ઞાનિકોના મતઃ

સ્વપ્ન એ મનોવિજ્ઞાનમાં એક અલગ શાખા સ્વરૂપે વિસ્તાર પામેલ છે. આ સ્વપ્નશાસ્ત્રમાં પ્રથમ નામ ફ્રોઈડનું લેવાય છે. તેમણે સ્વપ્ન વિશ્લેષણની શરૂઆત તેમના મનોરોગી દર્દીઓની સારવાર માટે કરેલ. આ સંપ્રદાયમાં આગળ યુંગ અને એડલર પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અહીં આ મનોવૈજ્ઞાનિકોના સ્વપ્ન વિશેના મંતવ્યો અને તારણોનો અભ્યાસ કરેલ છે.

* ૧ ૫.સ્વપ્ન વિશેની માન્યતાઓ :

દરેક સમાજ પાસે તેની સામે આવતી સ્થિતિ અને વિચારને મુલવવાની એક આગવી સમજ હોય છે. સ્વપ્ન બાબતે દરેક ધર્મ, જાતિ, સંપ્રદાયની અલગ અલગ માન્યતાઓ હોય છે. ભારતીય અને પાશ્ચાત્ય સંપ્રદાયમાં પણ સ્વપ્ન સંદર્ભે જુદાજુદા મત પ્રવર્તે છે. અહીં મન અને માન્યતાઓને તપાસી તારણો આપ્યા છે.

* ૧ ૬.વિવિધ વિદ્યામાં સ્વપ્ન :

વિદ્યાના ક્ષેત્રો એકબીજા સાથે કોઈને કોઈ પ્રકારે સંકળાયેલા હોય છે. એક જ બાબત કે વિષય વિવિધ વિદ્યામાં સ્થાન ધરાવતું હોય છે અહીં સ્વપ્નવાસ્તવને વિવિધ વિદ્યાઓ(કળાઓ)માં કેવું સ્થાન મળ્યું છે તે બાબતોને તપાસવામાં આવી છે.

* ૧ ૭.સાહિત્યમાં સ્વપ્નવાસ્તવ ટેક્નિક :

સ્વપ્ન એ આમ તો મનોવિજ્ઞાનનો વિષય છે પરતું સાહિત્ય એ વિશાળ સમુદ્ર પેઠે વિવિધ વિદ્યાઓને પોતાનામાં સમાવતું આવ્યું છે. આ સ્વપ્નવાસ્તવ નિરૂપણ રીતિમાં  નાવીન્ય અર્થે પ્રયોજાતી એક ટેક્નિક બન્યું છે. સ્વપ્નની ટેક્નિકને સમજવા માટે ટેક્નિક સંજ્ઞાને અહીં સમજવાનો પ્રયત્ન કર્યો છે. ટેક્નિકના વિવિધ પ્રકારો સાથે સ્વપ્નવાસ્તવ ટેક્નિકનો તાત્વિક ભેદ ઉકેલવાનો પ્રયાસ પણ કર્યો છે.

* ૧.૭.૧ સાહિત્યના વિવિધ સ્વરૂપમાં સ્વપ્નવાસ્તવ :

સાહિત્યનું દરેક સ્વરૂપ બીજા સ્વરૂપથી અલગ પડતાં લક્ષણો ધરાવતું હોય છે. તેમની આ વિશેષતાને પરિણામે તેમાં પ્રયોજાતી પ્રયુક્તિઓ પણ સ્વરૂપે સ્વરૂપે અલગ પડે છે. અહીં સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં સ્વપનવાસ્તવને રજૂ કરવાની પ્રયુક્તિને ઉદાહરણસહ તપાસવામાં આવી છે.

* ૧.૭.૨ નવલકથામાં સ્વપ્નવાસ્તવ :

નવલકથામાં પ્રયોજાતી પ્રયુક્તિ તેના વિવિધ ઘટક તત્ત્વોને પણ અસર કરતી હોય છે. વાતાવરણ, વસ્તુસંકલના, પાત્ર, ભાષા, સમય જેવા પરિબળો સાથે આ સ્વપ્નવાસ્તવ કેવી રીતે એકરૂપ થાય છે, તેને કેટલો ઉપકારક બને છે. તે અહીં તપાસવામાં આવ્યું છે.

* પ્રકરણ ૨ઃ સ્વતંત્રતા પહેલાની ગુજરાતી નવલકથામાં સ્વપ્નવાસ્તવ :

ગુજરાતી સાહિત્યનો સ્વતંત્રતા પહેલાનો સમય માનવના મન કરતા સામાજિક મન તરફ પોતાની દષ્ટી ઠેરવીને ચાલતો હતો. એટલે, સ્વતંત્રતા પહેલાની નવલકથા પણ સામાજિક નવલકથાઓ તરીકે જ ખ્યાત પામી છે. ગુજરાતી નવલકથાના પ્રારંભિક સમયમાં ટેક્નિક સાથે સભાનપણે ભાગ્યે જ કોઈ પ્રયોગો થયેલા જોઈ શકાય. પરંતુ

સરસ્વતીચંદ્ર આપણને નિરાશ કરતી નથી. સરસ્વતીચંદ્ર : ભાગ ૪ સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય સંદર્ભે બે સ્વપ્નો રજુ થયા છે. પ્રકરણ ત્રીસ અને એકત્રીસમાં. એક મહાસ્વપ્નનો સર્જક દ્વારા પ્રયોગ કરવામાં આવ્યો છે આ સ્વપ્ન દ્વારા સ્થૂળ લગ્નથી સૂક્ષ્મ લગ્ન સુધીનું સ્થાનાંતર થાય છે. આ સ્વપ્ન સર્જકનું ભારત ઉદ્ધારનું સ્વપ્ન પ્રતીત થાય છે. થોડા પ્રશ્નોને બાદ કરતાં આ સ્વપ્ન ગુજરાતી નવલકથાના પ્રારંભિક તબક્કે ત્રિવિધ મનોવિજ્ઞાન પ્રગટ કરે છે. એક સર્જકનું, બીજું સમાજનું અને ત્રીજું સરસ્વતીચંદ્ર તથા કુમુદનું.

સાચા સમણાં : કોઈ તેને લાંબી ટૂંકી વાર્તા કહે છે તો કોઈ પ્રથમ લઘુનવલ. એવી આ કૃતિ સાચા સમણાંમાં પન્નાલાલે સહજતાથી બે સ્ત્રીઓ વચ્ચે અવઢવમાં મુકાયેલા મથુરના મનોવ્યાપારોને સ્વપ્ન દ્વારા રજુ કરે છે. પત્નીની સારસંભાળ માટે મદદરૂપ થવા આવેલ તેની બહેન પ્રત્યે મથુર આકર્ષાય છે. એક બાજુ આકર્ષણ અને બીજી બાજુ સામાજિક બંધન. આ સંઘર્ષ સ્વપ્ન દ્વારા અહીં દ્વારા પ્રગટ થાય છે. મનોવિજ્ઞાનની પરિપાટીની સભાનતા સાથે અહીં સ્વપ્ન પ્રયુક્તિનો વિનિયોગ થયો છે. આ બંને કૃતિને સ્વપ્ન નિરૂપણના પ્રારંભિક તબક્કે અહીં તપસવામાં આવી છે.

- પ્રકરણ ૩. પેરેલિસિસ: સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પેરેલિસિસ ચંદ્રકાંત બક્ષી રચિત આધુનિક નવલકથા છે. નવલકથાની શરૂઆત વિચિત્ર અને ભયાનક સ્વપ્નો દ્વારા થાય છે. પ્રો. આરામ શાહ આ નવલકથાનો નાયક છે. નવલકથા ફ્લેશબેક અને બાયોફોકલની ટેક્નિકથી આગળ ધપે છે. જેમાં સ્વપ્ન પ્રયુક્તિ સહાયક નીવડે છે. શરૂઆતના સ્વપ્નો વાચકમાં જિજ્ઞાશા જગાવવાનું કાર્ય કરે છે. આ સ્વપ્ન પ્રતીકોને ખોલવા ભાવકે સંપૂર્ણ કથા વાચવી આવશ્યક બને છે. આમ, અહિ નિરૂપણરીતિના સંદર્ભે સ્વપ્ન પ્રયુક્તિ કારગર નીવડી છે.

- પ્રકરણ ૪. મહાભિનિષ્ક્રમણ : સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

મહાભિનિષ્ક્રમણ કથા મનોરુગ્ણ નાયક એવા અમિતની કથા છે. અમિતના જીવન સાથે સંકળાયેલ ત્રણ સ્ત્રીઓ એક પછી એક તેની સાથે સંવાદ સાધે છે. તે સ્ત્રીઓ એટલે અમિતની માતા ચંદન, પત્ની રમા અને પ્રેયસી સરોજ. સતત સ્ત્રીના સહવાસને ઝંખતા પુરુષના મનોવલણો સ્વપ્ન અને દિવાસ્વપ્ન દ્વારા પ્રગટ થાય છે. એકલો અટૂલો રહેતો અમિત તેના સ્વપ્નો દ્વારા પ્રગટ થાય છે. અહિ નાયક અમિતના જીવનને તેના ચારિત્રને પ્રગટ કરવા સ્વપ્ન પ્રયુક્તિ સફળ રહી છે.

- પ્રકરણ ૫. સ્વપ્નતીર્થઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

ડાકોરની તીર્થયાત્રાએ નીકળેલા નવીન નામના યુવકની કથા ડાયરી સ્વપ્ન અને દિવાસ્વપ્ન દ્વારા પ્રસ્તુત નવલકથામાં પ્રગટ થઇ છે. સ્વપ્નમાં સ્વપ્નની ટેક્નિકનો ઉપયોગ કરી નવીનના ચેતન જગતને અહિ સર્જક ઉજાગર કરી શક્યાં છે.

- પ્રકરણ ૬. નિશાચક્રઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

નિશાચક્રમાં વિવિધ આઠ રાત્રી ચક્રો દ્વારા પાત્રના મનોચૈતસિક વાસ્તવને પ્રગટ કરવામાં આવ્યું છે. નાયકના મનની લીલાઓ ચેતનાના સ્તરથી તેના અર્ધચેતન સ્તરે પહોચે છે અને ત્યાં તે કુંઠિત થાય એ પહેલા સ્વપ્ન અને દિવાસ્વપ્ન સ્વરૂપે વિરેચન પામે છે. કિશોર જાદવ અહિ પણ ગુજરાતી ભાષાના વેશમાં નાગાલેન્ડને જ પ્રગટ કરે છે. કથા નાયકની ચિત્તસ્થિતિને આલેખવા અહિ સ્વપ્ન પ્રયુક્તિનો ઉપયોગ થયો છે. જુગુપ્સા પ્રેરક નર્યા વાસ્તવિક માનસને અને નાયકના ચરિત્રને રજૂ કરતી સ્વપ્ન પ્રયુક્તિ ધાર્યું નિશાન સાધે છે.

- પ્રકરણ ૭. મોહનિશાઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

ઘરના ઘરનું સ્વપ્ન સેવી તેને પૂર્ણ કર્યા બાદ પણ તે છીનવાઈ જશે તેવા ડરથી પીડાતા એક કથાનાયકની કથા મોહનિશામાં રજૂ થઇ છે. મોહરૂપી રાત્રિનું વિસ્તરણ સમગ્ર નવલકથામાં થવા પામ્યું છે. નાયકનો ઘરને ખોઈ બેસવાનો ડર ભ્રમ, તંદ્રા, નિદ્રા અને સ્વપ્ન દ્વારા પ્રગટ થાય છે. ૨૪ કલાકના સમયને સુચારૂ રીતે પ્રગટ કરવા સ્વપ્ન પ્રયુક્તિ કામ લાગે છે. સમયના અવકાશને ઓગાળવા માટે સ્વપ્ન પ્રયુક્તિ સુંદર કાર્ય કરી શકી છે.

- પ્રકરણ ૮. રિક્તરાગઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

રિક્તરાગ નવલકથા છે સંવેદન રિક્ત મનુષ્યોની. સંવેદનની ઈચ્છાઓ વચ્ચે મળે છે માત્ર શરીર. નાયક જે ઝંખે છે તે પામી શકતો નથી, જે મળે છે તેને ભોગવી શકતો  નથી. અંતે નાયકના  સંવેદનને અનુરૂપ પાત્ર મળે છે તો સમય સમાજ તેને સ્વીકારી શકતો નથી. ગુજરાતી ભાષામાં રજૂ થતો નાગાલેન્ડનો પરિવેશ ભાવકને થોડો બાધક બની શકે. રિક્તરાગમાં રજુ થતા સ્વપ્નો ફ્રોઇડની મનોવૈજ્ઞાનિક સમાહ સાથે નિરૂપણ પામ્યા છે. એક મનોવૈજ્ઞાનિક વાતાવરણ આર્પવા આ સ્વપ્નો સહાયક સાબિત થાય છે.

- પ્રકરણ ૯. સૂરા, સૂરા, સૂરાઃ સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

મધુરાય દ્વારા તેમના નાટક સૂરા અને શત્રુજિત પરથી લખાયેલ આ નવલકથા કથનરીતિનો નવતર પ્રયોગ છે. અહિ કથક મૃત કેથરીનની આત્મા છે. પોતાના મૃત્યુના કારણને ગુનેગારના મોઢે જ બોલાવવા માટે એક ત્રાહિત વ્યક્તિને સ્વપ્નાઓ મોકલે છે. તેના પ્રેમીના મગજમાં પણ સ્વપ્ન સ્વરૂપે હાજરી નોંધાવે છે. એક મનોચિકિત્સકની શત્રુજિત પાસે સારવાર લેવા આવનાર વ્યક્તિના મગજમાં કેથરીન સ્વપ્ન દ્વારા તેના મૃત્યુનું કારણ જણાવે છે. કેથરીનની આત્મહત્યાનું રહસ્ય સ્વપ્ન દ્વારા પ્રગટ થાય છે. શત્રુજિત જેવા દંભી માનવનું વ્યક્તિત્વ પણ સ્વપ્ન દ્વારા જ પ્રગટ થયું છે. અહિ રોમની પરંપરા મુજબ સ્વપ્ન કોઈ દ્વારા મોકલવામાં આવે છે તે પરિપાટીનો ઉપયોગ થયો છે.

- પ્રકરણ ૧૦ઃ ઉપસંહાર અને તારણો

પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર શોધનિબંધમાંથી પસાર થતા જે બાબતો અને તથ્યો તારવ્યા છે તેના વિશે વાત કરવામાં આવી છે. પસંદ કરેક નવલકથાઓને સ્વપ્નવાસ્તવ સિદ્ધાંતને આધારે તપાસતા સ્વતંત્રતા પછી સ્વપ્નવાસ્તવની ટેક્નિક સાહિત્યમાં કેવા નાવિન્ય પ્રગટાવ્યા તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. સ્વતંત્રતા પૂર્વેની અને પછીની નવલકથાની તુલના કરી તેમાં એક વિકાસક્રમ બાંધવાનો પણ પ્રયત્ન કર્યો છે.

❖

- પરિશિષ્ટ ૧. ભાષા ભવનમાં સંશોધન કાર્ય અર્થે રજૂ કરેલ શોધપત્ર 'વિદુરને બદલે સુદામાને ઘેર તાંદુલને બદલે તાંદળજાની ભાજી' વાર્તામાં સ્વપ્ન નિરૂપણની પ્રયુક્તિ
- પરિશિષ્ટ ૨. સંદર્ભગ્રંથ સૂચિઃ સંશોધન કાર્ય માટે ઉપયોગમાં લેવાયેલ સંદર્ભગ્રંથોની સૂચિ અહીં રજૂ કરી છે.
- પરિશિષ્ટ ૩.  વ્યક્તિનામ સૂચિઃ સંશોધનકાર્યમાં જેમનો ઉલ્લેખ થયો છે તેવા વ્યક્તિ, કર્તા, વિવેચકો અને અન્ય વ્યક્તિ વિશેષોના નામોની સૂચિ અત્રે રજૂ કરી છે.
- પરિશિષ્ટ ૪. કૃતિ સૂચિઃ સંશોધનકાર્ય અંતર્ગત પ્રત્યક્ષ સ્વરૂપે અધ્યયનમાં ઉપયોગમાં લેવાયેલ કૃતિઓની સૂચિ અહીં રજૂ કરેલ છે.